વૈવિધ્ય

# વેસ્ટમાંથી બનાવો બેસ્ટ પ્લાન્ટર્સ



તમને ગાર્ડનિંગનો શોખ છે અને કંઇક નવું કરવા ઇચ્છતાં હો, બહુ ખર્ચ પણ ન કરવો હોય તો પરેશાન થવાની જરૂર નથી. જો તમારામાં ક્રિએટીવીટી હોય તો ઘરમાં પડેલી તૂટેલીફૂટેલી વસ્તુમાંથી પણ ગાર્ડનને ખૂબસૂરત બનાવી શકો છો. તમારી કલ્પનાના ઘોડા દોડાવો અને જુઓ કે નકામી વસ્તુઓનો યોગ્ય ઉપયોગ કરીને કઇ રીતે આકર્ષક પોટ્સ, ડેકોરેશન કરી શકાય છે.


ગાર્ડનિંગ ફક્ત ફૂલછોડ રોપવા એ જ નથી પરંતુ એ આસપાસની જગ્યાને સુંદર બનાવવાની એક કળા પણ છે. આપણે સુંદર પોટ્સ, કૂંડાં અને સજાવટી વસ્તુઓ પર ઘણો ખર્ચ કરીએ છીએ પરંતુ તમારા ઘરમાં નકામી, ફેંકી દેવા જેવી વસ્તુઓથી પણ પોટ્સ બનાવી સજાવી શકો છો.

## પ્લાસ્ટિકની બોટલ્સ

પાણીની, તેલની કે કોલ્ડ ડ્રિન્ક્સની ખાલી બોટલ્સ સારી પ્લાન્ટર બની શકે છે. બોટલને વચ્ચેથી કાપી ઉપરના અને નીચેના ભાગનો પ્લાન્ટર તરીકે ઉપયોગ કરી શકાય. પાણી કાઢવા નીચે કાણું પાડો.તમે એને મનપસંદ રંગોથી કલર, ડિઝાઇન કરી શકો અથવા રંગબેરંગી કાગળ ચોંટાડી શકો. આ પ્લાન્ટર્સ હર્બ્સ, ફૂદીનો, કોથમીર કે નાનાં ફૂલવાળા છોડ ઉગાડવા માટે યોગ્ય છે. એને બાલ્કનીની રેલિંગ પર કે દીવાલ પર લટકાવી પણ શકાય છે. મોટી પ્લાસ્ટિક બોટ્લ્સને આડી કાપીને તેમાં પાલક કે સલાડનાં પાન પણ રોપી શકાય.

વચ્ચેથી કલાત્મક રીતે કાપેલી કાચની બોટલ પણ ઘરને આપી શકે છે હરિયાળી. એમાં ૧ટુ ડવાળાં ફૂલ કે ઓર્નામેન્ટલ પ્લાન્ટસ રોપી શકાય છે. હા, એને સુરક્ષિત જગ્યાએ રાખવી જરૂરી છે.

## બૂટ



કોણ કહે છે કે વસ્તુઓ જૂની થાય તો ખરાબ થઇ જાય? જો તમારા શૂઝ જૂનાં થઇ ગયાં હોય તો એને ફેંકવાને બદલે એનો ઉપયોગ ગાર્ડનમાં કરો. ઘણા એવા છોડ હોય છે જેને ઓછી જગ્યામાં રોપી શકાય છે અને ઓછી દેખરેખ રાખીને પણ એ સદાબહાર રહે છે. એને આર્કષક બનાવવા તમે શૂઝને કલર પણ કરી શકો છો.



## ટાયર

ઘરમાં કાર કે સાઇકલના જૂનાં ટાયર પડ્યાં હોય તો એનો પણ પ્લાન્ટર તરીકે ઉપયોગ કરી શકાય છે. ટાયરને સાફ કરી એના પર પ્રાઇમર લગાડો. એને કલર કે ડિઝાઇન કરો. એને દીવાલ પર લટકાવો કે ગાર્ડનમાં મૂકો. એમાં વચ્ચે માટી ભરી મનપસંદ સિઝનલ શાકભાજી રોપી શકાય. તમે એકની ઉપર એક ટાયર મૂકી શકો. તેમાંથી બેસવા માટે મૂડા પણ બનાવી શકાય.

## મગ

ઘરમાં કોફી મગ્સ તો હોય જ છે. કયાં તો એ તૂટી ગયાં હોય કે જૂનાં થઇ ગયાં હોય તો એનો પ્લાન્ટર તરીકે ઉપયોગ કરી શકાય. થોડું કોકોપિટ તથા ખાતર, બારીક કાંકરા નાખી એમાં મનપસંદ સક્યુલન્ટસ રોપી દો. બાલ્કનીના એક કોર્નરમાં એનું ગ્રુપિંગ પણ કરી શકાય.

## ટી પોટ



જૂના ટી પોટ્સ કે કિટલીમાં પણ છોડ રોપી શકાય છે. એમાં માટી ભરી દો. સક્યુલન્ટસ માટે એ યોગ્ય છે.

## પેપર કપ્સ

આજકાલ પ્લાન્ટસ ગિફ્ટ કરવાનો પણ ટ્રેન્ડ છે. પેપર ગ્લાસમાં કે કપમાં છોડ રોપી ગિફ્ટિંગ માટે તૈયાર કરી શકાય છે. એમાં સદાબહાર છોડ રોપો. પછી એને મોટાં કૂંડામાં શિફ્ટ કરો.

## સાઇકલ

બાળકોની જૂની સાઇકલનો પણ પ્લાન્ટર તરીકે ઉપયોગ કરી શકાય છે. સાઇકલનું પ્લાન્ટર બહુ આર્ટિસ્ટિક લાગે છે. સાઇકલને બ્રાઇટ કલરથી પેન્ટ કરો. તેમાં તમારી પસંદનાં કૂંડાં લટકાવી યોગ્ય જગ્યાએ સાઇકલ મૂકી દો.

## જૂનાં રમકડાં

તમે બાળકોનાં જૂનાં રમકડાં કયાં તો યાદગીરી તરીકે સાચવી રાખો છો અથવા તો કોઇકને આપી દો છો પરંતુ તમે કદી વિચાર્યું છે કે એનો ઉપયોગ તમે ઇન્ડોર પ્લાન્ટસ મૂકવા માટે કરી શકો છો? બસ એટલું ધ્યાન રાખો કે એમાં માટી ભરવાની પૂરતી જગ્યા હોય જેથી એ પ્લાન્ટર તરીકે વાપરી શકાય. તમારું ઘર આવા પ્લાન્ટરથી બહુ ખૂબસૂરત લાગશે.